| GJSR120030352025 | | | | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ લીધા તારીખ: | 09/06/2025 | | |
| | | રજિસ્ટરે લીધા તારીખ: | 09/06/2025 | | |
| | | ફેસલ તારીખ: | 14/07/2026 | | |
| | | સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | સત્યમેવ જયતે | | 01 | 01 | 05 |

## <u>મે. કઠોરનાં જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ,કઠોર</u>

ક્રિમીનલ કેસ નં.:1586/2025

આંક:

| | |
|---|---|
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિરુદ્ધ | |
| આરોપી: | (૧) પદમાબેન હસમુખભાઇ શંકરભાઇ નાયકા<br>ઉ.વર્ષ.૪૫, વ્યવસાય : મજુરી<br>રહે. હલધરૂગામ, સંતોષી ફળિયું, તા.કામરેજ, જી.સુરત. |
| ગુન્હો: | **પ્રોહી.એક્ટની કલમ–૬૫(એફ) મુજબ** |

| | |
|---|---|
| ફરિયાદ પક્ષ તરફે: | વિ. એ.પી.પી.શ્રી પી.બી.સથવારા |
| આરોપી પક્ષ તરફે: | વિ. વ. શ્રી. વી. સી. બોડાણા |

## <u>–:: ઠરાવ ::–</u>

**1. <u>ફરિયાદની હકીકતનું ટુંકમાં વર્ણન:</u>**

a. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૨/૦૧/૨૦૨૫ નાં રોજ આશરે ૨૦/૫૦ કલાકે, મોજે કામરેજ, સુરતમાં તહોમતદાર વગર પાસ પરમીટે આશરે ૩૧૫ લીટર ગોળ પાણીનું રસાયણ કિં.૭૮૭૫/– નો પોતાનાં કબજામાં ગેરકાયદેસર રીતે રાખીને પ્રોહી.એક્ટની કલમ– ૬૫(એફ) મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે.

**2. <u>બી.એન.એસ.એસ.ની કલમ 263 મુજબ તહોમતનામુ:</u>**

આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, સી.આર.પી.સી. કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના ગુન્હાનું કોઝનીઝન્સ લઈ સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આંક–૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવતાં આ કામે આરોપીની આંક–૫ થી પ્લી રેકર્ડ કરતાં, તેણે પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

**3. <u>પક્ષકારો તરફે પુરાવા:</u>**

a. ફરિયાદપક્ષે આરોપીઓ સામે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

i. **મૌખિક પુરાવા:**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| 1. | ત.ક.અ. દિનેશભાઇ ગુરજીભાઈની સોગંદ પરની જુબાની | 09 |
| 2. | પંચસાહેદ વિશાલભાઇ અનિલભાઈની સોગંદ પરની જુબાની | 15 |

ii. **દસ્તાવેજી પુરાવો:**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| 1. | ફરીયાદ | 10 |
| 2. | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું | 16 |

**4. <u>બી.એન.એસ.એસ.ની કલમ – 351 મુજબ આરોપીનું વિશેષ નિવેદન:</u>**

આ કામે ફરીયાદપક્ષ તરફથી મૌખિકમાં પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ હોય અને આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ – 351 મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

**5.** <u>**બી.એન.એસ.એસ.ની કલમ – 352 મુજબ પક્ષકારોની દલીલો:**</u>

એ.પી.પી.શ્રીએ તેઓની દલીલમાં માત્ર એવી રજુઆત કરેલ છે કે, સાહેદો, ત.ક.અ. તથા પંચસાહેદોની જુબાની ધ્યાને લઈ કાયદાના વ્યાપમાં આવતી સજા કરવી જોઈએ. જયારે બચાવ પક્ષે તેઓની દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, સદરહુ કામમાં પ્રોસીકયુશન દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી. માત્ર પંચો કે જેની ઉપર આધાર રાખી શકાય તે પંચોને પ્રોસીકયુશન દ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે માટે આરોપી સામેના ગુનાના આક્ષેપો નિ:શંકપણે ઠોસ પુરાવાથી પ્રોસીકયુશન સાબીત કરી શકેલ ન હોય બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકવા રજુઆત કરવામાં આવેલ છે.

**6.** <u>**બી.એન.એસ.એસ.ની કલમ – 393(1)(b) મુજબ પોઈન્ટસ ફોર ડીટરમીનેશન:**</u>

આ કામે ઉભયપક્ષકારો તરફે કરવામાં આવેલી દલીલો, ફરિયાદ તથા રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતા સદર કેસના નિર્ણય માટે કરી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

**–:: મુદ્દાઓ ::–**

i. **શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૨/૦૧/૨૦૨૫ નાં રોજ આશરે ૨૦/૫૦ કલાકે, મોજે કામરેજ, સુરતમાં તહોમતદાર વગર પાસ પરમીટે આશરે ૩૧૫ લીટર ગોળ પાણીનું રસાયણ કિં.૭૮૭૫/– નો પોતાનાં કબજામાં ગેરકાયદેસર રીતે રાખીને પ્રોહી.એક્ટની કલમ–૬૫(એફ) મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે?**

ii. **શું હુકમ?**

b. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે:

i. મુદ્દા નં. 1 – **નકારમાં**

ii. મુદ્દા નં. 2 – **આખરી હુકમ મુજબ**

## // કારણો //

**7. <u>મુદ્દા નં. 1 અંગે:</u>**

a. સદર કામે ફરિયાદપક્ષે **ત.ક.અ. દિનેશભાઈ ગુરજીભાઈ વસાવા નાઓને આંક–09** થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૫ માં તેઓ કામરેજ પો.સ્ટે.માં ફરજ બજાવતા ત્યારે તા.૦૨/૦૧/૨૦૨૧ નાં રોજ પો.કો. દિનેશભાઈ રાસેંગાભાઈ તથા અન્ય પોલીસનાં માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી રેડમાં હતાં તે દરમ્યાન ફરતા ફરતા મોજે હલધરૂગામ સંતોષી ફળિયુ ખાતે આવતા એક બેન ઉપર શંકા જતા જેનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતાનું નામ પદમાબેન હસમુખભાઈ નાયકા રહે. હલધરૂગામ, સંતોષી ફળિયુ કામરેજ વાળી હોવાનું જણાવેલ. પંચો રૂબરૂ તેને સાથે રાખી ઘરના પાછળ વાડામાં ઝડતી તપાસ કરતા ઘરના વાડામાંથી દેશી દારૂ બનાવવા માટેનું રસાયણ લીટર ૩૧૫, કિંમત રૂ.૭૮૭૫/– નો મુદામાલ મળી આવેલ. જેમાંથી સેમ્પલ અર્થે ૧૮૦ એમ.એલ. બોટલ ભરી લઈ તેના ઉપર કામરેજ પોલીસ સ્ટેશનનું સીલ મારી કબ્જે લીધેલ તથા બાકીનું રસાયણ સ્થળ પર નાશ કરેલ. જે અંગેનું વિગતવારનું પંચનામુ તેઓએ કલાક ૧૮–૨૦ થી ૧૮–૫૦ સુધી કરેલું. જે અંગેની ફરિયાદ પો.કો. દિનેશભાઈ રાસેંગાભાઈ એ આપેલ. જે ફરિયાદ તેઓને બતાવવામાં છે. જેમાં તેઓનાં રૂબરૂ સહી છે. તેઓ ઓળખી બતાવે છે. જેને આંક–૧૦ થી રજુ કરેલ છે. ત્યાર બાદ પી.એસ.ઓ એ ગુનો નોંધી આગળની તપાસ તેઓને સોપતા ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ ત્યારબાદ ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધા. ત્યાર બાદ આરોપીની અટક કરી ના.કોર્ટમાં રજુ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલું. આરોપીને તેઓ ઓળખે છે.

ત્યારબાદ સદરહુ ત.ક.અ.ની આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, <u>એ વાત ખરી છે કે, આ કામની ફરિયાદમાં પંચોના નામ સરનામા કે પેટ્રોલીંગનો સમય જણાવેલ નથી.</u> એ વાત ખરી નથી કે, આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઈ મુદામાલ પકડાયેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે આરોપીનો કોઈ ઓળખ પુરાવો જોયેલ કે માંગેલ નથી. એ વાત ખરી છે કે, ગુના વાળી જગ્યાની આજુબાજુમાં ઘણા રહેણાકનાં મકાનો આવેલા છે. <u>એ વાત ખરી છે કે, આ કામે સ્વતંત્ર સાહેદોના</u>

<u>નિવેદનો લીધેલ નથી.</u> એ વાત ખરી નથી કે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, તેઓ સોગંદ પર ખોટી જુબાની આપે છે.

b. સદર કામે ફરિયાદપક્ષે **પંચસાહેદ વિશાલભાઈ અનિલભાઈ ઈડરીયા નાઓને આંક–15** થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામા સહી લીધેલી. પંચનામા વિશે તેઓ કંઈ જાણતા નથી. તેઓને આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવવામાં આવે છે. તેમા પંચ નં.૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને આંક–૧૬ થી રજુ કરેલ છે. આરોપીને તેઓ ઓળખતાં નથી.

હોસ્ટાઈલ. સદર સાહેદ ફરિયાદ પક્ષને સમર્થન કરતાં ન હોઈ સદર સાહેદને ફરી ગયેલ જાહેર કર્યા બાદ એ.પી.પી.શ્રી ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગતા ઉલટ તપાસ કરવાની એ.પી.પી.શ્રી ને પરવાનગી આપવામાં આવે છે.

આરોપી તર્ફે ઉલટતપાસ નથી.

**8. <u>પુરાવાનું મૂલ્યાંકન:</u>**

બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની દલીલ સાંભળી. ત.ક. અમલદારે સદર કામે કબજે કરેલ મુદ્દામાલનો કોઈ એફ.એસ.એલ.રીપોર્ટ રજુ રાખેલ નથી. વધુમાં સદર કામે તપાસવામાં આવેલ પંચસાહેદે તેમની જુબાનીમાં પંચનામાની હકીકતને લેશ માત્ર સમર્થન આપેલ નથી. આમ સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીનાં કબજામાંથી મળી આવેલ હોવાની હકીકતને સદર કામે પંચસાહેદના પુરાવાથી સમર્થન મળેલ નથી. સદર કામે પંચસાહેદની જુબાનીથી પંચનામાની હકીકતોને સમર્થન મળેલ ન હોય પંચનામાની હકીકતો પુરવાર થયેલ માની શકાય તેમ નથી. આમ સદર કામે કબજે કરેલ મુદ્દામાલ આરોપીનાં કબજામાંથી મળી આવેલાનું ફરીયાદપક્ષે તટસ્થ પંચસાહેદની જુબાનીથી પુરવાર થઈ શકેલ નથી. જયારે સદર કામે હાલનાં આરોપીની પાસેથી મુદ્દામાલ

કબજે કરવામાં આવેલ હોવાની હકીકતને પંચસાહેદએ તેમના પુરાવામાં સમર્થન આપેલ નથી. તેમજ પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. જેથી સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીની પાસેથી કબજે કરવામાં આવેલ તે હકીકત પુરવાર થઈ શકેલ ન હોય. જેથી પંચનામાની હકીકતો પુરવાર થયેલ માની શકાય તેમ ન હોય. તેમજ સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષને સમર્થન મળેલ ન હોય. ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ આ કામનાં આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોય. આમ જયારે રજુ થયેલા પુરાવાથી ફરીયાદપક્ષ હાલના આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલા ન હોય. મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમા આપી તથા મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરું છું.

**// આખરી હુકમ //**

**1.** આ કામના આરોપી પદમાબેન હસમુખભાઇ શંકરભાઇ નાયકા, રહે. રહે. હલધરૂગામ, સંતોષી ફળિયું, તા.કામરેજ, જી.સુરત નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 271(1) અન્વયે તેઓની સામેના પ્રોહી.એક્ટની કલમ–૬૫(એફ) મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી **નિર્દોષ ઠરાવી** છોડી મુક્વાનો હુકમ કરવામાં આવે છે.

**2.** આરોપીએ **રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)** ના નવા સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા ચુકાદાની તારીખથી છ માસ સુધી બી.એન.એસ.એસ.ની કલમ 481 અન્વયે રજુ કરવા.

**3.** આ કામે કબજે લેવાયેલ પ્રોહીબીશન મુદ્ધામાલનો અપીલ સમય બાદ સરકારી ધારા ધોરણ પ્રમાણે નક્કી કરેલ નિયમ મુજબ નિકાલ કરવો. વધુમાં અન્ય કોઈ મુદ્ધામાલ જો કબજે કરવામાં આવેલ હોય તો તે અંગે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમી કરવામાં આવે છે.

સદરહુ આદેશ આજરોજ તારીખ **14<sup>મી</sup> માહે જુલાઈ, સને 2026** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 14/07/2026
સ્થળ: કઠોર

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**
જ્યુડી. મેજી. ફ.ક., કઠોર
Judge Code - GJ01769

ગુજરાતી સ્ટેનોગ્રાફર,
પ્રેમ આર.પાટીલ